Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

Make Safety Your Top Priority



Application for KSB Make Fire Fighting Pumps
□ Industries & Factories
□ Commercial & Residential Buildings
□ Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા વદ ચોથ ગુરુવાર ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૮૮

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# ટ્રમ્પનો માસ્ટરપ્લાન: ચીનને નાથવા ગ્લોબલ 'મિનરલ બ્લોક'

**ટ્રમ્પ** પ્રશાસન 12 અબજ ડોલરનું મિનરલ રિઝર્વ બનાવશે

**ખનિજ** ક્ષેત્રે 'બાયર્સ ક્લબ' બનાવવાની તૈયારી, અમેરિકાની ચીન પરની નિર્ભરતા ઘટાડવા મોટી યોજના, 50 દેશો સાથે બેઠક

**મહત્વના** ખનિજો માટે અમેરિકા ભારત અને અન્ય સાથી દેશો સાથે હાથ મિલાવશે

**અમેરિકાના** વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર અને દ. કોરિયાના વિદેશ મંત્રી સાથે બેઠક કરી

**વોશિંગ્ટન, તા. 4 (એપી):** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર ચીનના વર્ચસ્વને પડકારવા અને સપ્લાય ચેઈનને મજબૂત કરવા માટે 'પ્રોજેક્ટ વોલ્ટ' હેઠળ એક મહત્વકાંક્ષી યોજના રજૂ કરવા જઈ રહ્યું છે. આ યોજના અંતર્ગત જેટ એન્જિનથી લઈને સ્માર્ટફોન સુધીની વસ્તુઓમાં વપરાતા મહત્વના ખનિજો માટે 12 અબજ ડોલરનું વ્યૂહાત્મક અનામત ભંડોળ ઊભું કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે યુએસ એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેંક દ્વારા 10 અબજ ડોલરની લોન અને બાકીની રકમ ખાનગી મૂડી દ્વારા એકઠી કરવામાં આવશે.

ચીન હાલમાં વિશ્વના 70 ટકા ખનિજ ખાણકામ અને 90 ટકા પ્રોસેસિંગ પર નિયંત્રણ ધરાવે છે. ભૂતકાળમાં ટ્રેડ વોર દરમિયાન ચીને આ ખનિજોનો પુરવઠો રોકી દીધો હતો, જેનાથી અમેરિકાની નબળાઈ છતી થઈ હતી. આ સ્થિતિ ફરી ન સર્જાય તે માટે અમેરિકા હવે યુરોપિયન, એશિયન અને આફ્રિકન દેશો સાથે મળીને એક 'બાયર્સ ક્લબ' (ખરીદદારોનું જૂથ) બનાવવાની તૈયારીમાં છે. ટ્રમ્પ વહીવટીતંત્ર તેના સાથી દેશો સાથે મળીને એક એવું 'ક્રિટિકલ મિનરલ્સ ટ્રેડિંગ બ્લોક' બનાવવા માંગે છે જે ચીનની બજારમાં સસ્તો માલ ઠાલવવાની નીતિ સામે રક્ષણ આપવા માટે લઘુત્તમ ભાવ નક્કી કરશે અને ટેરિફનો ઉપયોગ કરશે.

મંગળવારે વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારત અને દક્ષિણ કોરિયાના વિદેશ મંત્રીઓ સાથે આ અંગે મહત્વની ચર્ચા કરી હતી.

માર્કો રુબિયો અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે વોશિંગ્ટન ડીસીમાં મળેલી બેઠક દરમિયાન મહત્વના ખનિજોના ઉત્ખનન અને ખાણકામમાં દ્વિપક્ષીય સહયોગને ઔપચારિક રૂપ આપવા અંગે વિશેષ ચર્ચા કરી હતી. અમેરિકી વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને લોકશાહી દેશોએ ઉર્જા સુરક્ષાના સમાન લક્ષ્યોને પ્રાપ્ત કરવા અને આર્થિક તકો ખોલવા માટે સાથે મળીને કામ કરવા પર ભાર મૂક્યો હતો.

ઉપપ્રમુખ જેડી વાન્સે વોશિંગ્ટનમાં વિદેશ મંત્રીઓની બેઠકમાં જણાવ્યું હતું કે, વિતેલા વર્ષના ટ્રેડ વોરથી સ્પષ્ટ થયું છે કે વિશ્વના મોટાભાગના દેશો ખનિજો માટે ચીન પર કેટલા નિર્ભર છે. તેમણે આ બ્લોકને 'આત્મનિર્ભરતાની તક' ગણાવી હતી. આ યોજનાનો હેતુ માત્ર ખનિજોનો સંગ્રહ કરવાનો જ નથી,

...અનુસંધાન પાના 4 પર

## આપણે એકબીજા પર નિર્ભર રહી શકીએ પણ ચીન પર નિર્ભર રહેવું નહીં પોસાય: વાન્સ

જેટ એન્જિનથી લઈને સ્માર્ટફોન સુધીની દરેક આધુનિક વસ્તુ માટે 'ક્રિટિકલ મિનરલ્સ' અનિવાર્ય છે. વાઇસ પ્રેસિડેન્ટ જેડી વેન્સે સ્પષ્ટ કર્યું કે, "આપણે એકબીજા પર નિર્ભર રહી શકીએ પણ હવે ચીન પર નિર્ભર રહેવું પોસાય તેમ નથી."

### શું છે આ પ્રોજેક્ટ વૉલ્ટ?

વ્યૂહાત્મક બ્લોક: અમેરિકા તેના મિત્ર દેશો સાથે મળીને એક એવો વેપારી સમૂહ બનાવવા માંગે છે જે ચીન દ્વારા બજારમાં સસ્તા ભાવે માલ ઠાલવવાની નીતિને અટકાવે.

Project Vault: પ્રમુખ ટ્રમ્પે $12 બિલિયન (આશરે રૂ.1 લાખ કરોડ રૂ.)ના વ્યૂહાત્મક સ્ટોકપાઈલની જાહેરાત કરી છે, જેમાં દુર્લભ ખનિજો (Rare Earths)નો સંગ્રહ કરવામાં આવશે.

**પ્રાઈસ ફ્લોર :** ચીન ભાવ ઘટાડીને હરીફોને તોડી ન પાડે તે માટે બ્લોકના સભ્ય દેશો એક ચોક્કસ ન્યૂનતમ ભાવ નક્કી કરશે અને ટેરિફ દ્વારા તેને સુરક્ષિત રાખશે.

**ઉદ્યોગોને ટેકો:** આ રિઝર્વનો ઉપયોગ બોઈંગ, જીઈ વર્નોવા અને જનરલ મોટર્સ જેવા મોટા અમેરિકન ઉત્પાદકોને કાચો માલ પૂરો પાડવા માટે કરવામાં આવશે.

### ચીનનો યુ-ટર્ન: રેર અર્થ સપ્લાય ચેઈન માટે વિશ્વને 'સાથે' મળીને કામ કરવા અપીલ

ચીન, જે નિર્ણાયક ખનિજો પર મજબૂત પકડ ધરાવે છે, તેણે બુધવારે રેર અર્થ્સ પર બેજિંગના વર્ચસ્વને બાયપાસ કરવાના પગલાંની ચર્ચા કરવા માટે વોશિંગ્ટનમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મહત્વની બેઠક પહેલા સપ્લાય ચેઈનને "સંયુક્ત રીતે" સ્થિર અને સુરક્ષિત રાખવા માટે હાકલ કરી હતી. વૈશ્વિક નિર્ણાયક ખનિજ ઔદ્યોગિક અને સપ્લાય ચેઈનની સ્થિરતા અને સુરક્ષા જાળવવા માટે તમામ પક્ષોની રચનાત્મક ભૂમિકા ભજવવાની જવાબદારી છે, તેમ ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાન અહીં એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું. તેમણે ભારત સહિત 50 દેશોના અધિકારીઓ દ્વારા હાજરી આપનારી આ બેઠક પર એક માપેલા (સંયમિત) સ્વરમાં વાત કરી હતી.

### ક્રિટિકલ મિનરલ્સના શેરોમાં કડાકો

અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સની 'મિનરલ બ્લોક' અને 'પ્રાઈસ ફ્લોર' (લઘુત્તમ કિંમત) નક્કી કરવાની યોજના બાદ MP Materials (-10%), US Rare Earth (-13%), અને Critical Metals (-15%) જેવી મોટી કંપનીઓના શેરમાં કડાકો બોલાયો છે.



# જાપાનમાં હિમવર્ષાનો કહેર: 15 રાજ્યો પ્રભાવિત, 35નાં મોત

**હવે** પીગળતો બરફ બન્યો નવું જોખમ

**સૌથી** વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં 6.5 ફીટ સુધી બરફના થર જામી ગયા

**આગામી** સપ્તાહના અંતમાં ઉત્તર જાપાનમાં વધુ ભારે હિમવર્ષાની આગાહી

**ટોક્યો, તા. 4 (એપી):** ઉત્તર જાપાનમાં છેલ્લા બે અઠવાડિયાથી પડી રહેલી ભારે હિમવર્ષાએ જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. બુધવાર સુધીમાં દેશના 15 રાજ્યો આ કુદરતી આફતની ચપેટમાં આવ્યા છે, જેમાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં 2 મીટર સુધી બરફના થર જામી ગયા છે. આ અસાધારણ હિમવર્ષા માટે આર્કટિક તરફથી આવતા ઠંડા પવનો જવાબદાર માનવામાં આવે છે. અત્યાર સુધીમાં હિમવર્ષાને કારણે દેશભરમાં 35 લોકોનાં મોત થયાં છે અને 393 લોકો ઈજાગ્રસ્ત થયા છે જેમાંથી 126 ગંભીર છે.

જાપાનના મુખ્ય સરકારી પ્રવક્તા મિનોરુ કિહારાએ ચેતવણી આપી છે કે, હવે તાપમાનમાં થોડો વધારો થઈ રહ્યો છે, પરંતુ તે વધુ જોખમી સાબિત થઈ શકે છે. બરફ પીગળવાને કારણે ભૂસ્ખલન અને લપસણી સપાટીને લીધે અકસ્માતોની ભીતિ વધી છે. નોંધનીય છે કે મોટાભાગના મૃત્યુ લોકો દ્વારા પોતાના ઘરની છત પરથી બરફ સાફ કરવાના પ્રયાસ દરમિયાન પડી જવાથી થયા છે. એકલા નીગાતા રાજ્યમાં જ 12 લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે 42 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

આફતની ગંભીરતા જોતા આમોરી રાજ્યના ગવર્નર સોઇચિરો મિયાશિતાએ જણાવ્યું કે, ભારે બરફને કારણે રસ્તાઓ બંધ થતા એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવા ઇમરજન્સી વાહનો ફસાઈ ગયા છે. તબીબી સ્ટાફ સ્ટ્રેચર લઈને પગપાળા દર્દીઓ

...અનુસંધાન પાના 4 પર

## દિલ્હી ડાયરી

### એસઆઈઆર અને મઠના સાધુઓની મુંઝવણ

ભારતના ચૂંટણી પંચ (ઈસીઆઈ) દ્વારા મતદાર યાદીઓની જે વિશેષ સઘન સુધારણા (એસઆઈઆર) હાથ ધરવામાં આવી રહી છે, તે મતદારો માટે અનોખી સમસ્યાઓ ઊભી કરી રહી છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી યોજાવાની છે ત્યાં રામકૃષ્ણ મિશનના સાધુઓનો કિસ્સો સામે આવ્યો છે. સામાન્ય મતદારોની જેમ જ, સાધુઓએ પણ ફોર્મમાં તેમના જૈવિક માતા-પિતાના નામ લખવા જરૂરી છે, સાથે જ પોતે કાયદેસરના મતદાર છે તે સાબિત કરવા માટે વિવિધ દસ્તાવેજોની પણ જરૂર પડે છે. પરંતુ સમસ્યા એ છે કે, સાધુઓ જ્યારે દીક્ષા લે છે ત્યારે તેઓ પોતાનું 'શ્રાદ્ધ' કરે છે, જેનાથી તેઓ તેમના પરિવાર સાથેના તમામ સંબંધો તોડી નાખે છે અને રામકૃષ્ણ તેમના માતા-પિતા બને છે. આ પરિસ્થિતિનો સામનો કરતાં મિશન હવે આ જટિલ મુદ્દાને ઉકેલવા પર કામ કરી રહ્યું છે. મિશનના કાર્યકર્તાઓ એવા સાધુઓ માટે વર્કશોપ પણ યોજી રહ્યા છે જેમને ચૂંટણી પંચના સત્તાધીશો તરફથી નોટિસ મળી છે. હવે એ જોવું રહ્યું કે શું પશ્ચિમ બંગાળ સિવાયના અન્ય મઠોના સાધુઓને

...અનુસંધાન પાના 4 પર

# સુપ્રીમ કોર્ટમાં વકીલના રોલમાં મમતા દીદી

**સફેદ** સાડી અને કાળા સ્કાફમાં પહોંચ્યા મુખ્યમંત્રી, SIR કેસમાં જાતે કરી દલીલો

**પ. બંગાળમાં** એસઆઈઆર પ્રક્રિયા અંગેની અરજીના સંદર્ભમાં મમતા બેનર્જી સુપ્રીમ પહોંચ્યા: હું લોકશાહી બચાવવા આવી છું

**પશ્ચિમ** બંગાળના લોકો પર 'બુલડોઝર' ચલાવવાનો ચૂંટણી પંચ પર આક્ષેપ

**આ દુર્લભ** ક્ષણ જોવા વકીલો અને અરજદારો સહિત મીડિયા કર્મીઓની ભારે ભીડ ઉમટી



**નવી દિલ્હી, તા. 4 (પીટીઆઈ):** પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે સુપ્રીમ કોર્ટમાં પોતે દલીલો રજૂ કરીને એક ઐતિહાસિક ક્ષણ સર્જી હતી. કોઈ વર્તમાન મુખ્યમંત્રી સર્વોચ્ચ અદાલતમાં પક્ષકાર તરીકે દલીલ કરતા હોય તેવી આ પ્રથમ ઘટના છે. તેમને દલીલ કરતા જોવા માટે વકીલો અને અરજદારોની ભારે ભીડ ઉમટી પડી હતી. પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓની

...અનુસંધાન પાના 4 પર

### મમતા બેનર્જી પહેલાં મુલાકાતીઓની ગેલેરીમાં બેઠા હતા

મુખ્યમંત્રી મમતા બેનર્જી સવારે 10.05 વાગ્યે ભારતના ચીફ જસ્ટિસ (સીજેઆઈ)ના કોર્ટરૂમમાં પ્રવેશ્યા હતા અને શરૂઆતમાં મુલાકાતીઓની ગેલેરીમાં બેઠા હતા. બપોરે 12.55 વાગ્યે જ્યારે તેમની અરજી પર સુનાવણી શરૂ થઈ, ત્યારે તેઓ વકીલો માટેની પ્રથમ હરોળમાં જોવા મળ્યા હતા.

...અનુસંધાન પાના 4 પર

# વડા પ્રધાનના સંબોધન પહેલાં હોબાળો, લોકસભાની કાર્યવાહી સ્થગિત કરાઈ

**નિશિકાંત** દુબેએ ગાંધી પરિવાર પર નિશાન સાધતા કેટલાક વિવાદિત પુસ્તકોનો ઉલ્લેખ કરતા કોંગ્રેસના સાંસદોએ વિરોધ કર્યો

**કોંગ્રેસનાં** મહિલા સાંસદોએ વડા પ્રધાનની ખુરશી તરફ કૂચ કરી

**અમેરિકા** સાથેના વેપાર કરાર અને નરવણેના પુસ્તક મુદ્દે મડાગાંઠ યથાવત

**વડા** પ્રધાન હવે રાજ્યસભામાં સંબોધન કરે એવી શક્યતા

**નવી દિલ્હી, તા. 4 (પીટીઆઈ):** બુધવારે લોકસભામાં ભારે નાટ્યાત્મક દ્રશ્યો સર્જાયા હતા, જ્યારે વિરોધ પક્ષનાં મહિલા સાંસદોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંભવિત સંબોધન પહેલા ટ્રેઝરી બેન્ચ (સત્તાધારી પક્ષની બેઠકો) તરફ કૂચ કરી હતી.

આ વિરોધ પ્રદર્શન અમેરિકા સાથેના વેપાર કરારના વિરોધમાં અને પૂર્વ આર્મી ચીફ એમ.એમ. નરવણેના અપ્રકાશિત પુસ્તક અંગે ચાલી રહેલા વિવાદના સંદર્ભમાં હતું. જ્યારે ભાજપના સાંસદ પી.પી. ચૌધરી બોલી રહ્યા હતા, ત્યારે વિપક્ષી સભ્યો ગૃહના મધ્યમાં (વેલ) આવી ગયા હતા અને પ્લેકાર્ડ સાથે વિરોધ દર્શાવ્યો હતો. અગાઉ, રાહુલ ગાંધીને નરવણેના પુસ્તકનો ઉલ્લેખ કરતા અટકાવવા બદલ ગૃહમાં વારંવાર મડાગાંઠ સર્જાઈ હતી.

બપોરે 2 વાગ્યે કાર્યવાહી શરૂ થતા જ ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી પર નિશાન સાધતા 'એડવિના એન્ડ નેહરુ' અને 'મિત્રોખિન આર્કાઈવ' જેવા પુસ્તકોનો ઉલ્લેખ કરીને નવો વિવાદ છેડ્યો હતો. જોકે, અધ્યક્ષની ખુરશી પર બેસેલા ટીડીપી સાંસદ કૃષ્ણા પ્રસાદે નિયમનો હવાલો આપીને તેમને અટકાવ્યા હતા.

દુબેની ટિપ્પણીથી ગુસ્સે ભરાયેલા કોંગ્રેસના સભ્યો તેમની બેઠક તરફ ધસી ગયા હતા, પરિણામે ગૃહ 5 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના સાંસદોએ સ્પીકર ઓમ બિરલાને મળીને દલીલ કરી

...અનુસંધાન પાના 4 પર

# ગાઝિયાબાદમાં કરુણાંતિકા: ઓનલાઈન ગેમની લતે ત્રણ સગીર બહેનોનો ભોગ લીધો

**9મા** માળેથી કૂદીને આત્મહત્યા; ગેમમાં કોરિયા જવાનું ઘેલું લાગ્યું હતું

**પોલીસ** તેમની મોબાઇલ ફોનની લત અને ઓનલાઇન કોરિયન ગેમના પ્રભાવ અંગે તપાસ કરી રહી છે

**'સોરી** પાપા' અને 'આ ડાયરીમાં જે લખ્યું છે તે બધું વાંચો...' તેવો હૃદયદ્રાવક સંદેશવાળી ડાયરી મળી આવી

**ગાઝિયાબાદ (યુપી), તા. 4 (PTI):** ગાઝિયાબાદના સાહિબાબાદ સ્થિત ભારત સિટીમાં નવમા માળેથી કથિત રીતે કૂદી પડતાં ત્રણ સગીર બહેનોના કરુણ મોતથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ ત્રણેય બહેનોને કથિત રીતે એક ઓનલાઈન કોરિયન ગેમની લત હતી.




16 વર્ષીય નિશિકા, 14 વર્ષીય પ્રાચી અને 12 વર્ષીય પાખી નામની આ ત્રણેય બહેનો કોરિયન ટાસ્ક-આધારિત 'લવ ગેમ' અને ઓનલાઈન કન્ટેન્ટની ભારે વ્યસની હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ઘટનાસ્થળેથી એક ડાયરી કબજે કરી છે, જેમાં 'સોરી પાપા' અને 'આ ડાયરીમાં જે લખ્યું છે તે બધું વાંચો...' તેવો હૃદયદ્રાવક સંદેશ રડતા ઈમોજી સાથે લખાયેલો હતો.

તપાસમાં જાણવા મળ્યું છે કે આ છોકરીઓ છેલ્લા બે-ત્રણ વર્ષથી શાળાએ જતી ન હતી અને મોટાભાગનો સમય મોબાઈલ ફોન પર જ વિતાવતી હતી. તેમના પિતા ચેતન કુમારે જણાવ્યું કે, કોરોનાકાળ દરમિયાન તેમને ગેમની લત લાગી હતી અને તેઓ અવારનવાર કોરિયા જવાની ઈચ્છા વ્યક્ત કરતી હતી. અકસ્માતની રાત્રે પિતા અને માતાઓ (બે સગી બહેનો જે પિતાની પત્નીઓ છે) સૂતા હતા, ત્યારે છોકરીઓ પાણી પીવાના બહાને ઉઠી હતી, રૂમ અંદરથી બંધ કર્યો અને બાલ્કનીમાંથી ઝંપલાવ્યું હતું. તેઓએ કૂદતા પહેલા પોતાના ફોન રૂમની બહાર ફેંકી દીધા હતા.

એક પાડોશીએ આ ભયાનક દ્રશ્ય જોયું હતું, જેમાં મોટી બહેન બારીની ધાર પર બેસી હલી રહી હતી અને અન્ય બહેનો તેને પકડવા જતાં ત્રણેય એકસાથે નીચે પડી ગઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, માતા-પિતાએ ફોન વાપરવા પર પ્રતિબંધ મૂક્યો હોવાથી તેઓ પરેશાન હતી.

...અનુસંધાન પાના 4 પર

### શું છે આ 'કોરિયન લવ ગેમ'? મા-બાપ સાવધાન

આ કોઈ સામાન્ય મનોરંજન માટેની ગેમ નથી, પરંતુ એક 'સાયકોલોજિકલ ટ્રેપ' (માનસિક જાળ) છે: આ ગેમમાં સામે છેડે બેઠેલી વ્યક્તિ (વર્ચ્યુઅલ કેરેક્ટર) પોતાની જાતને કોરિયન યુવક કે યુવતી તરીકે ઓળખાવે છે. તે પ્લેયર સાથે પ્રેમભરી વાતો કરી ભાવનાત્મક સંબંધ બાંધે છે. આ ગેમ ખાસ કરીને એવા કિશોરોને નિશાન બનાવે છે જેમને કોરિયન ડ્રામા (K-Drama) અને મ્યુઝિક (K-Pop) પ્રત્યે ભારે આકર્ષણ હોય. ગેમમાં

...અનુસંધાન પાના 4 પર

તા. ૦૪-૦૨-૨૦૨૬નું સુરત શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૬° સે. | ૨૦.૬° સે. | ૬૩% |